**ડાયરેક્ટ ❤ સે**

સ્મરણ
લીલું કપૂરી પાન જેવું
હવામાં
ચોતરફ લોબાન જેવું
- અદમ ટંકારવી

**જન્મદિને વધામણી**



નારાયણભાઈ એમ પટેલ
ચેરમેન
વાસ્તુનિર્માણ સોસાયટી
ફોન : ૨૩૨૨૭૭૩૦



હર્શલ રાકેશ બ્રહ્મભટ્ટ
મો.૯૬૬૨૮ ૪૦૪૦૩

## શ્રી જે એમ ચૌધરી સાર્વજનિક કન્યા વિદ્યાલય ખાતે વાલી મીટિંગ યોજાઈ

ગાંધીનગર, તા. ૧૦

શ્રી અખિલ આંજણા કેળવણી મંડળ, ગાંધીનગર સંચાલિત શ્રી જે એમ ચૌધરી સાર્વજનિક કન્યા વિદ્યાલય ખાતે સોમવારે વાલી મીટિંગનું આયોજન કરવામાં આવ્યું હતું.

શાળાની ધોરણ-૯ તથા ૧૦ની વિદ્યાર્થિનીઓ માટે ખાસ ઓરી રૂબેલા રસીકરણ માટે વાલીઓમાં જાગૃતિ આવે ને તેમને યોગ્ય માર્ગદર્શન મળી રહે તે માટે આ મીટિંગનું આયોજન કરવામાં આવ્યું હતું.

ઉપરાંત વિદ્યાર્થિનીઓ શાળામાં નિયમિત આવે, વર્ગ શિક્ષકોને વ્યક્તિગત મળે, પરીક્ષાની તૈયારીઓ કરે અને પોતાના આરોગ્ય અંગે સજાગ રહે તે માટે પણ વાલીઓને અનુરોધ કરવામાં આવ્યો હતો.

કાર્યક્રમ અંતર્ગત શાળાનાં ઈન-ચાર્જ આચાર્ય રમીલાબેન ચૌધરી, સુપરવાઈઝર ચારુલબેન, મધુબેન, વીણાબેન, ભાર્ગવીબેન અને સમગ્ર સ્ટાફે હાજર રહી માર્ગદર્શન પૂરું પાડ્યું હતું. વાલીઓને મૂંઝવતા પ્રશ્નોના સંતોષકારક ઉત્તરો પણ શાળા દ્વારા પાઠવવામાં આવ્યા હતા.

### માઉન્ટ કાર્મેલ હાઈસ્કૂલમાં

# વિદ્યાર્થી કેબીનેટ મંડળનો શપથવિધિ સમારોહ



સેક્ટર-૨૧ સ્થિત માઉન્ટ કાર્મેલ હાઈસ્કૂલમાં તા.૧૦ જૂલાઈના રોજ વિદ્યાર્થી પ્રતિનિધિ નેતા અને મંત્રીમંડળનો શપથવિધિ સમારોહ યોજાયો હતો. વિદ્યાર્થી પ્રતિનિધિ નેતા તરીકે રૂચિ ચૌધરી અને સહાયક વિદ્યાર્થી નેતા તરીકે કુલદીપ ચુડાસમા ની પસંદગી કરવામાં આવી. ઉપરાંત રમતગમત મંત્રી, શિસ્ત મંત્રી, સાંસ્કૃતિક મંત્રી, સફાઈ-સ્વચ્છતા મંત્રી, સોશિયલ સર્વિસ મંત્રી તથા પ્રેમા, નિર્મલા, શાંતિ અને સત્યા સ્કૉડ કેપ્ટન અને તેમના સહાયક મંત્રીઓની પણ પસંદગી કરવામાં આવી.

શાળાના આચાર્યા સિસ્ટર જેનીફરના હસ્તે મંત્રીમંડળના વિદ્યાર્થીઓને બેજ આપવામાં આવ્યા. નિમાયેલા વિદ્યાર્થી મંત્રીમંડળએ શિસ્ત, પુરુષાર્થ, તથા શાળાની ઉત્તરોત્તર પ્રગતિ માટેના શપથ લીધા. આચાર્યા સિસ્ટર જેનીફરે કેબીનેટ મંડળનાં વિદ્યાર્થીઓને પ્રસંગોચિત્ત ઉદબોધનમાં પોતાની જવાબદારી સ્વીકારી સતત પુરુષાર્થ કરવાની શીખ આપી.

શાળાના કેબિનેટ મંડળના ઈન્ચાર્જ શિક્ષિકા શ્રીમતી દીપ્તી હજારનીસ તથા સર શ્રી કરણ પ્રભુએ શાળાના આચાર્યા સિસ્ટર જેનીફરના માર્ગદર્શન હેઠળ શપથવિધિ સમારોહ સફળતાપૂર્વક સંપન્ન કર્યો.

### ગત વર્ષની સફળતા બાદ આ વખતે પુનઃ

# પ્રેરણા વિદ્યાલય દ્વારા બાળ રથયાત્રા યોજાશે



ગાંધીનગર, તા. ૧૦

ગત વર્ષે બાળ રથયાત્રાનું આયોજન કરીને ઈતિહાસનું સર્જન કરનારી પ્રેરણા વિદ્યાલય દ્વારા આ વખતે પણ બાળ રથયાત્રાનું આયોજન કરવામાં આવ્યું છે.

આ અંગેની વિગતો આપતાં પ્રેરણા વિદ્યાલયના આચાર્ય મનીષભાઈ ખત્રીએ જણાવ્યું છે કે અષાઢી બીજ, તા. ૧૪ જુલાઈ ને શનિવારના રોજ પ્રેરણા બાળ રથયાત્રાનું આયોજન કરવામાં આવ્યું છે.

પ્રેરણા બાળ રથયાત્રા સવારે ૮ કલાકે પ્રેરણા વિદ્યાલયના પ્રાંગણમાંથી પ્રસ્થાન કરશે, જે સૅક્ટર-૧૩ એ, બી, સી, ડી, સૅક્ટર-૫ સી, બી, સૅક્ટર-૪ સી, બી, એ, સૅક્ટર-૩ બી, એ,ડી તથા સૅક્ટર-૬માં થઈ પરત સૅક્ટર-૫ એ ખાતે પહોંચશે. આ પ્રેરણા બાળ રથયાત્રામાં શાળાના તમામ વિદ્યાર્થીઓ અને સ્ટાફ જોડાશે. નગરના સૌ ભાવિક નાગરિકોને આ રથયાત્રામાં જોડાવા માટે તેમણે સમગ્ર શાળા પરિવાર વતી ઈજન પાઠવ્યું છે.

# આર સી પટેલ સ્કૂલમાં વર્ષાગીત સ્પર્ધા



ગાંધીનગર, તા. ૧૦

સર્વ વિદ્યાલય કેળવણી મંડળ સંચાલિત શ્રીમતી આર સી પટેલ સૅકન્ડરી ઍન્ડ હાયર સૅકન્ડરી સ્કૂલ ખાતે વર્ષાઋતુ ગીત સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું.

આ સ્પર્ધામાં વિદ્યાર્થીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. પ્રકાશ ઍસ સોલંકી પ્રથમ, માનસી બી પંડ્યા દ્વિતિય, ટ્વિન્કલ ડી બલેવિયા અને ભૂમિ પી છાટબાર તૃતિય ક્રમે વિજેતા બન્યા હતા.

નિર્ણાયક તરીકે વર્ષાબેન પી પટેલે પોતાની સેવાઓ આપી હતી. સંપૂર્ણ કાર્યક્રમનું આયોજન મનીષાબેન પટેલે કર્યું હતું. સામાન્ય પ્રવાહનાં સુપરવાઈઝર કેતકીબેને ઉપસ્થિત રહી વિદ્યાર્થીઓને પ્રોત્સાહન પૂરું પાડ્યું હતું. અંતે, આભારવિધિ અરવિંદભાઈ પટેલ દ્વારા કરવામાં આવી હતી.

# રૉટરી ક્લબના નવા હોદ્દેદારોનો શપથવિધિ



ગાંધીનગર, તા. ૧૦

રૉટરી કલબ ઑફ ગાંધીનગરનો ૩૩મો શપથવિધિ સમારોહ રવિવારે નિફ્ટ કૅમ્પસ, ગાંધીનગર ખાતે યોજાયો હતો, જેમાં કલબના વર્ષ ૨૦૧૮-૧૯ના હોદ્દેદારોએ શપથ ગ્રહણ કર્યા હતા. પ્રમુખપદે વ્યવસાયે બિલ્ડર એવા અનંત પટેલ અને સૅક્રેટરી પદે પ્રા. ડૉ. ધર્મેન્દ્ર પટેલની વરણી કરવામાં આવી હતી. કાર્યક્રમની થીમ ફીફા વર્લ્ડ કપ-૨૦૧૮ અનુસાર તૈયાર કરવામાં આવી હતી અને કાર્યક્રમની શરૂઆતમાં ૩૦ મિનીટ વર્લ્ડ કપ ફૂટબૉલ-૨૦૧૮ને લગતી ક્વિઝની ગેમ રમાડવામાં આવી હતી.

શપથવિધિ સમારોહમાં પદ્મશ્રી ગેનાભાઈ પટેલ મુખ્ય મહેમાન તરીકે તથા શપથવિધિ અધિકારી તરીકે જગદીશ પટેલ, ઈન્ડક્શન ઑફિસર તરીકે સમીર બાબરીયા ઉપસ્થિત રહ્યા હતા.

સંસ્થાના નવનિયુક્ત પ્રમુખ, સૅક્રેટરી અને અન્ય પદાધિકારીઓએ આગામી વર્ષ માટેનાં સમાજ ઉત્કર્ષનાં કાર્યોનું પ્રૉજેક્શન કર્યું હતું.

# લીઓ ક્લબ ઍવોર્ડ્સ એનાયત કરાયા





ગાંધીનગર, તા. ૧૦

લીઓ કલબ ઑફ ગાંધીનગરના તત્કાલિન પ્રમુખ મૌલિક પ્રજાપતિના કાર્યકાળ (વર્ષ ૨૦૧૭-૧૮) દરમિયાન કરવામાં આવેલી પ્રવૃત્તિઓ માટે તાજેતરમાં ઍવોર્ડ્સની જાહેરાત કરવામાં આવી હતી. લાયન્સ કલબ ઑફ ગાંધીનગર ડિસ્ટ્રીક્ટ ૩૨૩૨-બી અંતર્ગત બૅસ્ટ સૅક્રેટરીનો ઍવોર્ડ વિનય જયસિંઘાણીને, લિઓ કો-ઓર્ડિનેટર કથન ત્રિવેદી અને સંકેત ગોરને તથા બેસ્ટ સર્વિસ ઍક્ટિવિટીઝ માટેનો ઍવોર્ડ પણ સંસ્થાને પ્રાપ્ત થયો હતો.

લીઓ સલાહકાર જશવંતસિંહ રહેવર અને લીઓ ચૅરમૅન તેજસ વૉરા દ્વારા સમગ્ર ટીમને અભિનંદન પાઠવવામાં આવ્યા હતા. આ પ્રસંગે લીઓ મૅમ્બર્સ અમી ત્રિવેદી, મહર્ષિ દવે, રવિ પટેલ, આકાશ પટેલ, સતિષ પટેલ, મૌલિક ચૌધરી અને મોહિત જયસિંઘાણી ઉપસ્થિત રહ્યા હતા.

# યુવાન લેખિકા પ્રાંજલિએ શ્રોતાઓને મંત્રમુગ્ધ કર્યા





પ્રતિભા જે આજના યુથમાં ખિલી રહી છે તેને પ્રેરણા અને પ્રોત્સાહન આપવાના હેતુથી ગવર્મેંટ પોલીટેકનીક-આંબાવાડી ખાતે ટ્રેડિંગ ટોક યોજાઈ ગઈ, જેમાં પ્રાંજલિ દવે વક્તા તરીકે આમંત્રિત હતાં. જેમણે પોતાના પુસ્તક ‘નેમલેસ’માં વણાયેલી ગાઢ થી ઉજાસ તરફની સફરની ભાવનાત્મક રીતે વાત કરી હતી. અનેક શ્રોતાઓએ મંત્રમુગ્ધ થઈને તેમને સાંભળ્યા હતા.

# સ્માર્ટ કિડ્સ પ્લે સ્કૂલ દ્વારા વૃક્ષારોપણ કાર્યક્રમ યોજાયો



સ્માર્ટ કિડ્સ પ્રિસ્કૂલ, સૅક્ટર-૪ ખાતે વૃક્ષારોપણ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. બાળકોમાં પર્યાવરણ પ્રતિ સ્નેહ વધે અને તેઓ વૃક્ષોની દરકાર કરવાની ટેવ પાડે તે હેતુસર આયોજિત આ કાર્યક્રમમાં બાળકોએ ઉત્સાહથી ભાગ લીધો હતો અને પોતાના હાથે હોંશે-હોંશે વૃક્ષારોપણ કર્યું હતું.

# કૌટુંબિક આયોજન માનવ અધિકાર છે



**પ્રસંગસર**
સતીષ શામળદાન ચારણ
sscharan_aaa@yahoo.co.in

‘કૌટુંબિક આયોજન જીવન બચાવે છે.’ આરોગ્યનું આ સરળ પ્રિસ્ક્રિપ્શન છે. વિશ્વ વસ્તી દિવસ એ દર વર્ષે ૧૧ જુલાઈ આવે છે. ૧૧મી જુલાઈ, ૧૯૮૭ના દિવસે વિશ્વની વસ્તી પાંચ બિલિયન (૫૦૦ કરોડ) સુધી પહોંચી ગઈ હતી અને આ રીતે કૂદકે અને ભૂસકે વૈશ્વિક વસ્તીમાં થઈ રહેલ વધારો અને તેના લીધે ઉભી થતી સમસ્યાઓ અંગે જાગૃતિ લાવવાના હેતુથી આ દિવસને ૧૯૮૯માં યુનાઈટેડ નેશન્સ ડેવલપમેન્ટ પ્રોગ્રામની ગર્વનિંગ કાઉન્સિલ દ્વારા નક્કી કરવામાં આવ્યો હતો. વિશ્વ વસ્તીનો દિવસનો હેતુ કૌટુંબિક આયોજન, લિંગ સમાનતા, ગરીબી, માતૃ સ્વાસ્થ્ય અને માનવીય અધિકારો જેવા મહત્વના વસ્તીને લગતા મુદ્દાઓ પર લોકોની જાગૃતિ વધારવાનો છે.

વર્લ્ડ બેંકમાં સિનિયર ડેમોગ્રાફર તરીકે કામ ડૉ. કે. સી. ઝાચારીયા દ્વારા આ દિવસનું સૂચન કરવામાં આવ્યું હતું. આજે આ લખાય છે તે સમયે વિશ્વની વસ્તી ૭,૬૩૪,૪૮૬,૦૬૬ છે. ૧,૪૧૫,૧૫૭,૯૪૪ના આંકડાઓ સાથે ચાઈના સૌથી વધુ વસ્તી ધરાવતો દેશ છે ત્યારબાદ ભારત આવે છે તેની વસ્તી ૧,૩૫૪,૩૫૪,૩૧૪ છે. જ્યારે ૩૨૬,૮૧૩,૫૮૩ સાથે યુ.એસ.એ.ત્રીજા ક્રમે આવે છે. એક હજાર વર્ષ પહેલા પૃથ્વી ઉપર ૪૦૦ મિલિયન લોકો હતા. ૪૦૦ મિલિયનમાંથી ૧ બિલિયન થતાં ૮૦૪ વર્ષ લાગ્યાં હતાં. ત્યારબાદ ૧૫૬ વર્ષમાં બીજા ૨ બિલિયન ઉમેરાતાં ૧૯૬૦માં ૩ મિલિયન થયા. ૪૦ વર્ષ બાદ ૨૦૦૦ની સાલમાં બીજા ૩ બિલિયન લોકોનો વધારો થતાં ૬ બિલિયનની વસ્તી થઈ. અને આજ રોજ વિશ્વની વસ્તી સાડા સાત બિલિયન જેટલી છે. એક અંદાજ મુજબ વિશ્વની વસ્તીના લગભગ ૩૦% વસ્તી અનિચ્છનીય અથવા આકસ્મિક ગર્ભાવસ્થાને કારણે છે. આ કારણોસર દર વર્ષે લગભગ ૨૮ મિલિયન બાળકો જન્મે છે. આમાં મુખ્યત્વે કુટુંબ નિયોજન, જન્મ નિયંત્રણ અને પ્રજનન અંગેની માહિતીનો અભાવ મુખ્ય ભાગ ભજવે છે. એવો અંદાજ લગાવવામાં આવે છે કે ગરીબ વસ્તીમાં સ્વચ્છતાના કારણે દર ૨૦ સેકન્ડમાં એક બાળક મૃત્યુ પામે છે અને વિશ્વની ૧૦% વસ્તી જેટલા લોકો પાસે સ્વચ્છતા રાખવા માટે પાણી નથી.

દર વર્ષે, યુનાઈટેડ નેશન્સ વિશ્વ વસ્તી દિવસ માટે અલગ અલગ થીમ રાખે છે. આ વર્ષની થીમ છે ‘કૌટુંબિક આયોજન માનવ અધિકાર છે’. માનવ અધિકારની ૧૯૬૮ની આંતરરાષ્ટ્રીય પરિષદમાં કુટુંબ આયોજનને સ્થાન આપવામાં આવ્યું હતું. તેમાં વિશ્વની ૧૫૭ સરકારો સંમત થઈ હતી. તેને ૫૦મા વર્ષે પ્રથમ વખત, વૈશ્વિક સ્તરે માનવ અધિકાર હોવાનું સમર્થન મળ્યું અને તેને લઈને એક જાહેરનામું બહાર પાડવામાં આવેલ છે જેને ટેહેરન જાહેરનામુ તરીકે ઓળખવામાં આવે છે. તેમાં જણાવ્યું છે કે : ‘માતાપિતા પાસે તેમના બાળકોની સંખ્યા અને તેની વચ્ચેના અંતરને સ્વતંત્ર રીતે અને જવાબદારીથી નક્કી કરવા માટેનો મૂળભૂત માનવીય અધિકાર છે.’ વિકાસશીલ દેશોમાં પુખ્ત વયના મહિલાઓના ૧/૪ જેટલા મૃત્યુ ગર્ભાવસ્થા અને બાળજન્મનું પરિણામ છે. પરિવારના આયોજન માટેના માનવ અધિકારને સમર્થન કરતાં કેટલાંક ધારાધોરણો નક્કી કરવામાં આવેલ છે જેમાં પરિવારના આયોજનની માહિતી અને સેવાઓ લિંગ, ભાષા, ધર્મ, રાજકીય જોડાણ, રાષ્ટ્રીયતા, આર્થિક સ્થિતિ, રહેઠાણ, અપંગતાની સ્થિતિ, વૈવાહિક સ્થિતિ, જાતીય અભિગમ અથવા લિંગના આધારે નક્કી કરી શકાતી નથી. અને આ સેવાઓ દરેકને મળી રહેવી જોઈએ.

